# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા
## સત્સંગ શિક્ષણ પરીક્ષા
## ઉકેલપત્ર : સત્સંગ પ્રાજ્ઞ - દ્વિતીયખંડ
### પ્રશ્નપત્ર-૧

(સમય : સવારે ૯ થી ૧૨) રવિવાર, ૭ માર્ચ, ૨૦૧૦ કુલ ગુણ : ૧૦૦

**અભ્યાસક્રમના વચનામૃત :- કારિયાણી પ્રકરણ: ૧૦, ૧૧, ૧૨ ગઢડા મધ્ય પ્રકરણ: ૨, ૭, ૧૧, ૧૨, ૧૩, ૧૬, ૨૨, ૨૮, ૩૩, ૪૭, ૫૧, ૫૫, ૫૯, ૬૧, ૬૩**

**વિભાગ : ૧ 'વચનામૃત' પચીસમી આવૃત્તિને આધારે)**

**પ્ર.૧ નીચે આપેલાં સૈદ્ધાંતિક વાક્ય, દૃષ્ટાંત કે વિષયમાંથી કોઈ પણ ત્રણ ઉપર મુદ્દાસર નોંધ લખો. (કુલ ગુણ : ૨૧)**

**☞ નોંધ : જવાબોની સમજૂતિ માટે નીચેના મુદ્દાઓની આવશ્યકતા.**

૧. પરોક્ષ શાસ્ત્રોનું પ્રમાણ, પરોક્ષના ભક્તોનાં કીર્તન / શ્લોક અથવા સાખી ૧ ગુણ
૨. શ્રીજીમહારાજના વચનામૃત અથવા સ્વામીની વાતુના પ્રમાણ ૧ ગુણ
૩. નંદ પંક્તિનાં કીર્તનો અથવા ગુરુ પરંપરાના કીર્તનો - સાખી અથવા આપણા અન્ય શાસ્ત્રો ૧ ગુણ
૪. ઉપરના સંદર્ભો વધુ સ્પષ્ટ કરતાં પ્રસંગો અથવા દૃષ્ટાંતો બે કે તેથી વધુ. ૩ ગુણ
૫. પ્રગટ સત્પુરુષના અનુસંધાન સાથે ઉપસંહાર. ૧ ગુણ
૬. આપનો નિર્ણય આખરી ગણાશે.

**૧. આંબલીના કચૂકાનું દૃષ્ટાંત અને સિદ્ધાંત. (કારિ. ૧૨)**

જ. જેમ આંબલીનું બીજ હોય ને તે બીજની છાલ બીજ સાથે અતિ દૃઢ ચોંટી હોય, પછી તેને જ્યારે અગ્નિમાં શેકે ત્યારે તે છાલ દાઝીને ખોખા જેવી થઈ જાય ને પછી હાથમાં લઈને ચોળે તો જુદી થઈ જાય; તેમ ભગવાનનું ધ્યાન ને ભગવાનનું વચન તેણે કરીને કારણ શરીર શેકાઈને આંબલીના ફોતરાની પેઠે જુદું થઈ જાય છે. અને તે વિના બીજા કોટિ ઉપાય કરે તોય પણ કારણ શરીરરૂપ જે અજ્ઞાન તેનો નાશ થતો નથી.

**૨. સત્પુરુષની આજ્ઞાને વિષે વર્તે છે તે જ આત્મસત્તારૂપે વર્તે છે. (ગ.મ. ૫૧)**

જ. માટે જેટલા ત્યાગી છે તેને તો ત્યાગીના ધર્મ પ્રમાણે વર્તવું અને જેટલા ગૃહસ્થ હરિભક્ત છે તેમને ગૃહસ્થના ધર્મ પ્રમાણે વર્તવું અને જેટલી બાઈઓ હરિભક્ત છે તેને બાઈઓના ધર્મ પ્રમાણે વર્તવું. અને જો તે થકી ઓછું વર્તે તો પણ સુખ ન થાય અને જો તે થકી અધિક વર્તે તો પણ સુખ ન થાય. શા માટે જે, પરમેશ્વરના કહેલ જે ધર્મ તે પ્રમાણે જ ગ્રંથમાં લખ્યું હોય, તેમાં કોઈ રીતે બાધ આવે એવું ન હોય ને સુખે પળે એવું હોય, ને તેથી ઓછું-અધિક, કરવા જાય, તે કરનારો જરૂર દુઃખી થાય. માટે સત્પુરુષની આજ્ઞા પ્રમાણે જે રહે છે, તે જ રૂડાં દેશકાળાદિકને વિષે રહ્યો છે અને જે સત્પુરુષની આજ્ઞાથી બહાર પડ્યો તે જ તેને ભૂંડાં દેશકાળાદિકનો યોગ થયો છે. માટે સત્પુરુષની આજ્ઞાને વિષે વર્તે છે તે જ આત્મસત્તારૂપે વર્તે છે.

**૩. આત્મસુખે કરીને માંહેલી કોરે પૂર્ણ રહેવું અને બાહેર પંચ ઇન્દ્રિયો દ્વારે વિષયનો માર્ગ બંધ રાખવો, એ જ કામાદિકને જીત્યાનો દૃઢ ઉપાય છે. (ગ.મ. ૨)**

જ. જેમ કૂવો જળે કરીને પૂર્ણ ભરાયો હોય ત્યારે જે બાહેરથી પોતામાં સેર્યો આવતી હોય તેને પોતાનું પાણી ઠેલી રાખે છે, પણ માંહેલી કોરે તે સેર્યના પાણીનો પ્રવેશ કરવા દે નહીં; અને જો ઉલેચાઈને ઠાલો થાય તો સેર્યનું પાણી બાહેરથી માંહી આવે. એવી રીતે આત્મસુખે કરીને માંહેલી કોરે પૂર્ણ રહેવું અને બાહેર પંચ ઇન્દ્રિયો દ્વારે વિષયનો માર્ગ બંધ રાખવો, એ જ કામાદિકને જીત્યાનો દૃઢ ઉપાય છે; પણ એ વિના એકલા ઉપવાસે કરીને કામાદિકનો પરાજય થતો નથી.

**૪. શુભ કર્મ જો ભગવાનની પ્રસન્નતાને અર્થે કરે તો તે ભક્તિરૂપ થઈને કેવળ મોક્ષને અર્થે થાય છે. (મ. ૧૧)**

જ. જે જીવ ધર્મ, અર્થ ને કામને વિષે પ્રીતિ રાખીને જે જે સુકૃત કરે છે તે સર્વે સાત્ત્વિકી, રાજસી ને તામસી થાય છે ને તે કર્મનું ફળ સ્વર્ગ, મૃત્યુ ને પાતાળ એ ત્રણ લોકમાં રહીને ભોગવાય છે; પણ ગુણાતીત જે ભગવાનનું ધામ તેને પામે નહીં. અને જ્યારે મોક્ષ ન થાય ત્યારે જન્મ-મરણ અને નરકનું દુઃખ તે મટે નહીં. અને જો ધર્મ, અર્થ, ને કામ સંબંધી જે ફળની ઇચ્છા તેનો ત્યાગ કરીને તેનાં તે શુભ કર્મ જો ભગવાનની પ્રસન્નતાને અર્થે કરે તો એ જ શુભ કર્મ છે તે ભક્તિરૂપ થઈને કેવળ મોક્ષને અર્થે થાય છે.

**૫. જો ભગવાનનો ખરેખરો ભક્ત હોય તો હું તો તે ભગવાનના ભક્તનો પણ ભક્ત છું અને હું ભગવાનના ભક્તની ભક્તિ કરું છું. એ જ મારે વિષે મોટો ગુણ છે. (મ.૨૮)**

જ. અને અમારી પ્રકૃતિ એમ છે જે, થોડીક વાતમાં કુરાજી પણ ન થઉં અને થોડીક વાતમાં રાજી પણ ન થઉં. અને જ્યારે જેમાં રાજી થયાનો કે કુરાજી થયાનો સ્વભાવ બહુ દિવસ સુધી જોઉં છું ત્યારે રાજીપો ને કુરાજીપો થાય છે, પણ કોઈના કહ્યા-સાંભળ્યા થકી કોઈની ઉપર રાજીપો કે કુરાજીપો થતો નથી. અને જેનો જેટલો ગુણ મારા મનમાં જણાઈ જાય છે તેટલો તેનો ગુણ આવે છે. અને મારે તો એ જ અંગ છે જે, 'જો ભગવાનનો ખરેખરો ભક્ત હોય તો હું તો તે ભગવાનના ભક્તનો પણ ભક્ત છું અને હું ભગવાનના ભક્તની ભક્તિ કરું છું,' એ જ મારે વિષે મોટો ગુણ છે. અને એટલો ગુણ જેમાં ન હોય તો તેમાં કોઈ જાતની મોટ્યપ શોભે નહીં.

**પ્ર.૨ નીચે આપેલા અવતરણોની પૂર્તિ કરો અને વચનામૃતનો ક્રમાંક ટાંકો. (કુલ ગુણ : ૧૫)**

૧. અને અમારો તો એ જ ઈશક છે ને એ જ સિદ્ધાંત છે જે તપે કરીને ભગવાનને રાજી કરવા ને ભગવાનને સર્વેના કર્તાહર્તા જાણીને અને સ્વામીસેવકને ભાવે કરીને તે ભગવાનની ભક્તિ કરવી અને કોઈ રીતે તે ભગવાનની ઉપાસના ખંડન થવા દેવી નહિ. **(કારિ. ૧૦)** (૩)

૨. વૈરાગ્યહીન હોય તે તો કોઈ મોટા સંત હોય, તેની અતિશય સેવા કરે અને પરમેશ્વરની આજ્ઞામાં જેમ કહે તેમ મંડ્યો રહે પછી પરમેશ્વર તેને કૃપાદૃષ્ટિએ કરીને જુએ જે, 'આ બીચારો વૈરાગ્યરહિત છે, તેને કામક્રોધાદિક બહુ પીડે છે, માટે એના એ સર્વે વિકારો ટળો.' તો તત્કાળ ટળી જાય અને સાધને કરીને બહુકાળ મહેનત કરતાં કરતાં આ જન્મે ટળે અથવા બીજે જન્મે ટળે. અને તરત જે વિકારમાત્ર ટળે તે તો પરમેશ્વરની કૃપાએ કરીને ટળે. **(ગ.મ. ૭)** (૯)

૩. આવી ભગવત્સ્વરૂપ સંબંધી જે વાર્તા તે તો શાસ્ત્રમાંથી પણ પોતાની મેળે સમજાય નહિ. અને સદ્ગ્રંથોમાં આવી વાર્તા તો હોય પણ જ્યારે સત્પુરુષ પ્રગટ થાય છે ત્યારે તેમના મુખ થકી જ વાત સમજ્યામાં આવે છે, પણ પોતાના બુદ્ધિબળે કરીને સદ્ગ્રંથોમાંથી પણ સમજાતી નથી. **(ગ.મ. ૧૩)** (૧૫)

૪. જેને નિષ્કામી વર્તમાન દૃઢ હોય તો તે થકી અમે હજાર ગાઉ છેટે જઈએ તો પણ તેની પાસે જ છીએ. અને જેને તે નિષ્કામી વર્તમાનમાં કાચ્યપ છે ને તે જો અમારી પાસે રહે છે તોય પણ તે લાખ ગાઉ છેટે છે. અને અમને તો નિષ્કામી ભક્ત હોય તેના જ હાથની કરી સેવા ગમે છે. **(ગ.મ. ૩૩)** (૨૩)

૫. માટે જેનો સંગ કર્યા થકી તથા જે શાસ્ત્ર સાંભળવા થકી ભગવાનની ઉપાસનાનું ખંડન થઈને સ્વામીસેવકભાવ ટળી જતો હોય તો તે સંગનો તથા તે શાસ્ત્રનો શ્વપચની પેઠે તત્કાળ ત્યાગ કરવો. **(કારિ. ૧૦ )** (૧)

**પ્ર.૩ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર અભ્યાસક્રમના વચનામૃતનો ક્રમાંક નોંધી બે અવતરણો લખો. (કુલ ગુણ : ૪)**

**૧. સાધુ : (૧) (ગ.મ. ૨૨)**'એકાંતિક ભક્ત હોય તે પોતાનું રૂપ દેહ માને નહિ ને પોતાને ચૈતન્યરૂપ માને અને સ્વધર્મ, જ્ઞાન ને વૈરાગ્ય તેણે સહિત ભગવાનની ભક્તિ કરે ને એક ભગવાન વિના બીજા કોઈ પદાર્થની વાસના રાખે નહિ.' અને એ જ્યારે એ ભગવાનને ભજીને આવી રીતનો **સાધુ** થયો ત્યારે સાધુ થકી કોઈ બીજી મોટી પદવી નથી. (૧૯)

**(૨) (ગ.મ. ૨૨)** જેમ રાજા હોય ને તેની રાણી હોય તે જેટલામાં રાજાનું રાજ્ય છે તેટલામાં રાણીનું રાજ્ય પણ કહેવાય અને જેવો રાજાનો હુકમ ચાલે તેવો જ રાણીનો પણ હુકમ ચાલે, તેમ ભગવાનનો જેવો પ્રતાપ છે, તેવો જ એ **સાધુ**નો પણ પ્રતાપ છે. (૨૦) **(૩) (ગ.મ. ૪૭)** તેમ ઇન્દ્રિયો છે તેને ક્યારેય વિષય થકી તૃપ્તિ થઈ નથી ને થશે પણ નહિ. માટે હવે તો વિષયની આસક્તિ ને ત્યાગ કરીને અને **સાધુ** જેમ વઢીને કહે તેમ ગુણ લેવો પણ અવગુણ લેવો નહિ. (૨૪) **(૪) (ગ.મ. ૫૯)** ચાર વેદ, પુરાણ, ઈતિહાસ એ સર્વેમાં એ જ વાર્તા છે જે, 'ભગવાન ને ભગવાનના સંત એ જ કલ્યાણકારી છે.' અને ભગવાનના જે **સાધુ** છે તે તો ભવ-બ્રહ્માદિક દેવ થકી પણ અધિક છે. તે ભગવાન કે ભગવાનના સંતની જ્યારે પ્રાપ્તિ થઈ ત્યારે એ જીવને એથી ઉપરાંત બીજું કોઈ કલ્યાણ નથી, એ જ પરમ કલ્યાણ છે. (૨૯)

**૨. નિયમ : (૧) (ગ.મ. ૧૬)** માટે વૈરાગ્યનું બળ હોય અથવા ન હોય તો પણ જો ઇન્દ્રિયોને વશ કરીને પરમેશ્વરના **નિયમ**માં રાખે તો જેમ તીવ્ર વૈરાગ્યે કરીને વિષય જિતાય છે તે થકી પણ તે નિયમવાળાને વિશેષે વિષય જિતાય છે. માટે પરમેશ્વરના બાંધેલ જે નિયમ છે તેને જ અતિ દૃઢ કરીને રાખવા. (૧૮) **(૨) (ગ.મ. ૬૧)** જે ત્યાગી હોય તે જ્યારે દેશ-પરદેશમાં જાય ને ત્યાં કનક-કામિનીનો યોગ થાય તોય પણ તેમાં ફેર પડે નહિ અને પોતાના જે જે **નિયમ** હોય તે સર્વે દૃઢ કરીને રાખે, તે સર્વે ત્યાગીમાં મોટેરો કહેવાય. (૩૩)

(વિભાગ:૨ 'સ્વામીની વાતો' ના આધારે)

**અભ્યાસક્રમની વાતો : પ્રકરણ : ૩/૩૪, ૩૬, ૩૭, ૩૮, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૫૦, ૫૧, ૫૨, ૫૩, ૫૫, ૫૬, ૫૮, ૫૯, ૬૦, ૬૧, ૬૪, ૬૫, ૬૮, ૭૦, ૭૨**

**પ્ર.૪ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૫)**

> ☞ **નોંધ : જવાબ આખા વાક્યમાં આપેલ હોવો જોઈએ. નહિ કે શબ્દોમાં. અડધા જવાબના ગુણ આપવા નહીં. પ્રશ્ન સાથે આપેલ અંક સ્વામીની વાતોનો નંબર આપેલ છે.**

૧. સત્સંગ ક્યારે થાય ?

**જ.** બદરિકાશ્રમ, શ્વેતદ્વીપ જેવું સ્થાનક, મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી ને સ્વરૂપાનંદ સ્વામી એવા મોટાનો નિરંતર સંગ હોય ને બ્રહ્માના કલ્પ પર્યંત આયુષ્ય હોય ત્યાં સુધી જ્ઞાનગોષ્ઠિ કરીએ ત્યારે. (૪૫)

૨. સ્ત્રીરૂપી પાણીની ભમરી કોને બુડાડી દે છે ?

**જ.** ગમે તેવા સાંખ્ય કે યોગવાળાને પણ સ્ત્રીરૂપી પાણીની ભમરી બુડાડી દે. (૫૧)

૩. શ્રીજીમહારાજ કારણ શરીર ટાળવા અક્ષરધામમાંથી શું લાવ્યા છે ?

**જ.** શ્રીજીમહારાજ કારણ શરીર ટાળવા અક્ષરધામમાંથી સાધુ ને નિયમ લાવ્યા છે. (૫૫)

૪. જીવ શેનાથી સોરાઈ જાય છે ?

**જ.** આ જીવ વિષયે કરીને સોરાઈ જાય છે. (૫૯)

૫. સત્પુરુષનો કર્મ અને વચને કેવી રીતે સંગ કરવો ?

**જ.** **કર્મ** : સત્પુરુષ કહે તેમ કરવું. **વચન** : સત્પુરુષના અનંત ગુણ કહેવા. (૬૦)

**પ્ર.૫ કૌંસમાં આપેલા વિકલ્પોમાંથી સાચો જવાબ શોધીને ખાલી જગ્યા પૂરો. (કુલ ગુણ : ૫)**

૧. જ્ઞાન થવાથી **મોહ** ટળે છે. (૬૪)
૨. કહે **બ્રહ્મમુનિ** આ જક્તમેં સંગ અનુપમ સંત કો.' (૪૮)
૩. નિદ્રા અને આળસ આવવા ન દેવી એટલે **કારણ** દેહ જીતાણું જાણવું. (૪૩)
૪. બીજે ક્યાંય જીવ અટકતો નથી, ને મહારાજને **પુરુષોત્તમ** સમજવા ત્યાં અટકે છે. (૫૦)
૫. હું **સદ્‌ગુરુ**રૂપી સૂર્ય પ્રગટ થયો છું. (૪૬)

**પ્ર.૬ અભ્યાસક્રમની 'સ્વામીની વાતો'ના આધારે નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર વિસ્તૃત નોંધ લખો. (કુલ ગુણ : ૧૦)**

> ☞ **નોંધ :- જવાબોની સમજૂતી માટે નીચેના મુદ્દાઓની આવશ્યકતા.**

| | | |
|---|---|---|
| ૧. | પરોક્ષ શાસ્ત્રોનું પ્રમાણ. | ૧ ગુણ |
| ૨. | પરોક્ષના ભક્તોના કિર્તન, શ્લોક અથવા સાખી. | ૧ ગુણ |
| ૩. | શ્રીજીમહારાજના વચનામૃત અથવા આપણાં અન્ય શાસ્ત્રોનું પ્રમાણ. | ૨ ગુણ |
| ૪. | સ્વામીની અન્ય વાતોનું પ્રમાણ. | ૨ ગુણ |
| ૫. | નંદ પંક્તિના કીર્તનો અથવા ગુરુપરંપરાનાં કીર્તનો, સાખી. | ૧ ગુણ |
| ૬. | ઉપરના સંદર્ભોની વધુ સ્પષ્ટતા કરતા પ્રસંગો અથવા દૃષ્ટાંતો બે કે તેથી વધારે. | ૩ ગુણ |
| ૭. | પરીક્ષકનો નિર્ણય આખરી ગણાશે. | |

**૧. ગુણાતીતે સ્વમુખે કહેલો સ્વસ્વરૂપનો મહિમા : (૧)** સારામાં સારું તો આ ભગવાન ને આ સાધુનો સંબંધ થયો છે તેથી કાંઈ સારું નથી ને કાંઈ સારું સમજવાનું બાકી નથી ને ભૂંડામાં ભૂંડું શું છે ? તો આ સાધુને વિષે મનુષ્યભાવ આવે છે તેથી બીજું કાંઈ ભૂંડું નથી. અને તે મનુષ્યભાવ તે શેણે કરીને આવે છે તો લોક, ભોગ, દેહ ને ચોથો પક્ષપાત તેણે કરીને મનુષ્યભાવ આવે છે. તેમાં જેવું પક્ષપાતે કરીને જીવનું ભૂંડું થાય છે તેવું તો પંચવિષયે કરીને પણ નથી થાતું. (૩/૩૬) **(૨)** અમારો અભિપ્રાય તો મોટા મોટા સદ્‌ગુરુઓ પણ જાણી શક્યા નથી, તો તમે શું જાણશો ? (૩/૩૭) **(૩)** વર્તમાનકાળે ભગવાનનો શેમાં રાજીપો છે, તો નટની માયાના વચનામૃતમાં ભગવાનનું સ્વરૂપ નિર્દોષ કહ્યું છે તેવી રીતે મહારાજનું સ્વરૂપ સમજવું ને તેવી રીતે જ સંતનું સ્વરૂપ પણ સમજવું ને ભગવાનની આજ્ઞા પાળીને ને રૂડા સાધુનો સંગ રાખવો; તો તેની ઉપર મહારાજ રાજી રાજી ને રાજી જ છે. (૩/૩૮) **(૪)** બીજું અધિક કાંઈ સમજવાનું નથી ને એટલું જ સમજવાનું છે જે, મહારાજને પુરુષોત્તમ જાણવા ને આ સાધુને અક્ષર જાણવા ને આ બધાય અક્ષર છે અને ઓલ્યા મૂળ અક્ષર છે, તે પણ આંહી ધરીને આવ્યા છે. (૩/૩૮) **(૫)** જેને મોટાની

સમજણ આવી હોય તેને તો મહારાજની મૂર્તિ વિના ને અક્ષરધામ વિના આંહીંથી તે પ્રકૃતિપુરુષ સુધી લઘુશંકાનો વ્યવહાર દેખાતો હોય તેમાં શેનો મોહ થાય ? (૩/૬૪) (૬) મહારાજની મૂર્તિ વિના ખાવાની વિષ્ટા ને પીવાની લઘુશંકા એવું છે, પણ જ્યાં સુધી મોહ છે ત્યાં સુધી એ વાત સમજાય નહિ, એવી મોટાની સમજણ છે. (૩/૬૪) (૭) સ્વામીએ એક હરિજનને બોલાવીને કહ્યું જે, 'દર્શન કર ને આ દેહ તો તારા સારુ રહ્યો છે, કેમ જે કાળ તો આંટા ખાતો રહે છે. એમ કહીને બોલ્યા જે, આવા સાધુથી નોખા પડીએ ત્યારે નર્કમાં પડ્યા જેવું દુઃખ થવું જોઈએ ને એવું દુઃખ નથી થાતું ત્યાં સુધી સત્પુરુષમાં જીવ બંધાણો છે ક્યાં ? ને જ્યાં સુધી સત્પુરુષમાં જીવ બંધાણો નથી ત્યાં સુધી લોક, ભોગ ને દેહ તે રૂપ થઈ જવાય છે. એમ કહીને બોલ્યા જે, 'અમારે તો હજારો ક્રિયા કરાવવી પડે છે પણ આંખ મીંચીને ઉઘાડીએ એટલી પળ જો ભગવાન વિસરાય તો તાળવું ફાટી જાય.' ત્યારે પૂછ્યું જે, 'હજારો ક્રિયા કરાવો ને તેલધારાની પેઠે ભગવાનને અખંડ રાખો, એમ તે કેમ રહે ? ત્યારે સ્વામી બોલ્યા જે, 'તમે તમારો દેહ વિસારો છો ?' ત્યારે કહ્યું જે, 'ના મહારાજ.' પછી સ્વામી બોલ્યા જે, 'જો તમે તમારો દેહ વિસારો, તો હું મહારાજની મૂર્તિ વિસારું. કેમ જે, જેમ માછલું છે તે જળમાં હાલેચાલે ને ક્રીડા કરે છે તેમ અમે બોલીએ-ચાલીએ ને ક્રિયા કરીએ, પણ ભગવાનને મૂકીને તો કોઈ ક્રિયા કરીએ જ નહિ; ને જેને એવું ન જણાય તે તો મોટાને વિષે પણ દોષ પરઠે છે જે, પોતે હેરાન થાય છે ને બીજાને હેરાન કરે છે. તે દોષ જોનારો કોટિ કલ્પ સુધી નિવૃત્તિ પામતો નથી. (૩/૬૫) (૮) આ સાધુની ઓળખાણ થઈ તે આંબા જેવા છે. (૩/૬૮)

**૨. ભગવાનનો રાજીપો :** વર્તમાનકાળે ભગવાનનો શેમાં રાજીપો છે, તો નટની માયાના વચનામૃતમાં ભગવાનનું સ્વરૂપ નિર્દોષ કહ્યું છે તેવી રીતે મહારાજનું સ્વરૂપ સમજવું ને તેવી રીતે જ સંતનું સ્વરૂપ પણ સમજવું ને ભગવાનની આજ્ઞા પાળીને ને રૂડા સાધુનો સંગ રાખવો; તો તેની ઉપર મહારાજ રાજી રાજી ને રાજી જ છે. (૩/૩૮)

**૩. અક્ષરધામ અને અન્ય ધામોની તુલના :** (૧) મહારાજ બોલ્યા 'હું અનિરદેશથી આવ્યો છું, કહેતાં હું અક્ષરધામમાંથી પુરુષોત્તમ આવ્યો છું ને સુગાળવો છું, તે મારી સૂગ ચડી ગઈ છે, નીકર તો કાંઈ નોખા રહે એવાં નથી. (૩/૪૭) (૨) બીજાએ કારણ શરીર ટાળીને કલ્યાણ કર્યાં નથી. ટાળ્યા હોત તો ગોલોક ને વૈકુંઠ લોકમાં કજિયા શા સારું થાય ? રાધિકા અને શ્રીદામાની વઢવેડ, જયવિજય અને સનકાદિકની વઢવેડ. (૩/૫૫) (૩) મહારાજ કારણ શરીર ટાળવા સાધુ ને નિયમ અક્ષરધામમાંથી લઈને જ પધાર્યાં છે. તે સારું વર્તમાન પળાવીને કલ્યાણ કરવાનો હેતુ છે. (૩/૫૫) (૪) જેને મોટાની સમજણ આવી હોય તેને તો મહારાજની મૂર્તિ વિના ને અક્ષરધામ વિના આંહીંથી તે પ્રકૃતિપુરુષ સુધી લઘુશંકાનો વ્યવહાર દેખાતો હોય તેમાં શેનો મોહ થાય ? (૩/૬૪) (૫) મહારાજની મૂર્તિ વિના ખાવાની વિષ્ટા ને પીવાની લઘુશંકા એવું છે, પણ જ્યાં સુધી મોહ છે ત્યાં સુધી એ વાત સમજાય નહિ, એવી મોટાની સમજણ છે. (૩/૬૪)

**(વિભાગ : ૩ 'ભગવાન સ્વામિનારાયણ' પાંચમી આવૃત્તિ, એપ્રિલ,૨૦૦૫)**
**(ભાગ - ૧, ઉદ્‌ગીથ : ૧ થી ૨૨ તથા ભાગ - ૨, ઉદ્‌ગીથ : ૧ થી ૬નાં આધારે)**

**નોંધ :- (૧) અત્રે આપેલા ઉકેલપત્રમાં ફક્ત મુદ્દા જ આપ્યા છે. પરીક્ષાર્થીની રજૂઆત તથા વિચારધારા પ્રમાણે ગુણ આપી શકાય. મુદ્દાની સામે આપેલા અંક ગ્રંથનો ભાગ અને પાના નંબર દર્શાવે છે. (૨) અત્રે આપેલા પ્રસંગો અભ્યાસક્રમના આધારે તૈયાર કરેલા હોવાથી તે જ પ્રસંગો માન્ય ગણવા. તે સિવાયના પ્રસંગો માન્ય ન ગણાય. (૩) આ નોંધ પ્રશ્ન-૭ અને પ્રશ્ન-૮ બંનેને સરખી જ લાગુ પડે છે.**

**પ્ર.૭ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર નિબંધ લખો. (કુલ ગુણ : ૨૦)**

☞ **નોંધઃ- જે પ્રશ્નમાં બાર કે તેથી વધુ પ્રસંગો આવતા હોય તેમાં વર્ણનાત્મક અને બે થી ત્રણ લીટીમાં ઉલ્લેખ કર્યો હોય તેવા ઓછામાં ઓછા દસ પ્રસંગો જરૂરી છે.**

**૧. ધર્મકુળના લાડીલા ઘનશ્યામ.**

| | |
|---|---|
| ૧. બાળ ઘનશ્યામને કૃત્યાઓ ઉપાડી ગઈ ત્યારે માતાનું રૂદન-હનુમાનજીને કહ્યું 'તમે આજે મને જીવતદાન આપ્યું. | ૨૬ |
| ૨. બાળપ્રભુની રૂચિ જાણવા ધર્મદેવે કરેલી કસોટી - ગ્રંથની પસંદગી - માતાનું વહાલ | ૨૯ |
| ૩. કર્ણવેધ સંસ્કાર : ભકિતમાતા : જો જો તમારો કાન મારા હાથમાં છે, માટે ભક્તોથી ડરજો.- બાળલીલાઓ | ૩૦ |
| ૪. ભૈયા ! થોડું તો જમો ! - સુવાસિની ભાભીના લાડ | ૩૧ |
| ૫. કડવા ચીભડાં મીઠાં થતાં વશરામ મામા નમસ્કાર કરવા આવતાં માતાની પાછળ સંતાઈ ગયા. | ૩૮ |
| ૬. ધર્મદેવને પૂજા વખતે ધ્યાનમાં દહીંના રેલાથી ખરડાયેલી બાળ ઘનશ્યામની મૂર્તિના દર્શન | ૩૮ |
| ૭. અંગૂઠી ચોરી - મોટાભાઈએ મારેલો તમાચો - ભાભીએ કરેલો બચાવ | ૫૧ |
| ૮. કથામાંથી મોડા આવેલા ઘનશ્યામ જોડે ભક્તિમાતાને થયેલી પ્રશ્નોત્તરી - મા હું તારો લાડલો. | ૫૨-૫૩ |

૯. તરગામમાં બળદેવ દૂબેની વાડીમાં ચીભડાંના વેલા ખેંચી નાખ્યા - મોટાભાઈએ માર્યા - ભાભીના આંસુ ઘનશ્યામે લુછ્યાં. ૫૭-૫૯
૧૦.ઘનશ્યામને ખાંપો વાગતા ગભરાયેલા ભાભી ૬૧
૧૧.જનોઈ પ્રસંગે ભાભીએ મૂંડામાં મારેલા ટકોરા - ઘનશ્યામનું શરીર લૂછી નાખ્યું. ૭૨
૧૨.ઘનશ્યામને મૂકીને ભાભી પોતાના પુત્રને પણ જમવા ન આપતા. ૮૬
૧૩.ધર્મદેવની સુવાસિનીભાભીને અંતિમ આદેશ 'હવે મારો સમય પુરો થયો. પુત્ર માનીને પાળજો. ૯૦-૯૧
૧૪.ઘનશ્યામના ગૃહત્યાગથી ધર્મકુળમાં વિયોગનો ઉન્નમાદ ૯૯-૧૦૩

## ૨. નીલકંઠવર્ણીએ જોયેલાં ધર્મનાં છિદ્રો.

૧. લોધેશ્વર સરોવરમાં સ્ત્રી-પુરુષો સ્નાન કરી રહેલાં. ૧૦૬
૨. હરદ્વારમાં કરેલી વાત :- વૈરાગીઓ આયુધધારી છે, જ્યારે અંદર અંદર ઝઘડે ત્યારે કેટલાયને પાણીમાં નાખી દે. ૧૧૨
૩. ઘણા ત્યાગીઓ અહીં આવે છે. તે અમને ચરણસ્પર્શ કરવા દે છે, ચરણ ધોવરાવે છે. - હલવૈની માએ કરેલી વાત. ૧૩૬
૪. મંત્ર-તંત્રની મેલીવિદ્યામાં પ્રવૃત્ત બાવાઓને ઉપદેશ - સિરપુરમાં. ૧૮૨થી૧૮૭
૫. અધિકાર વગર કાળપુરુષનું દાન લેનાર બ્રાહ્મણ. ૧૮૮
૬. કામાક્ષીતીર્થમાં દારૂ-માંસના ભક્ષણથી ગંધાતા બાવાઓના ઝુંડ. ૧૯૨
૭. મહાકાલીનો ઉપાસક પિબૈક દારૂ, માંસભક્ષણ, ખોપરીની માળા ગળામાં. ૧૯૩
૮. રામકથા કરનાર મહંતનું અજ્ઞાન ૨૦૩
૯. નાગાબાવાઓનું ધર્મ વિરુધ્ધનું આચરણ ૨૧૫-૨૧૭
૧૦.જગન્નાથપુરીમાં બાવાઓનું યુદ્ધ. ૨૧૮થી૨૨૦
૧૧.જગન્નાથપુરીમાં પૂજારીનું છળકપટ જગન્નાથજીની મૂર્તિમાં રહીને જોયું. ૨૨૧
૧૧.માનસપુરમાં જમાતના મહંતની પૂજા કરવાની રીત - શાલિગ્રામ પેટ પોષણનું સાધન. ૨૨૬
૧૨.નીલકંઠવર્ણી પર પથ્થરોનો વરસાદ - ક્રૂરતા અને હિંસાવૃત્તિ. ૨૨૮
૧૩.તોતાદ્રિમાં રામાનુજાચાર્યના મુખ્ય સ્થાનમાં સંન્યાસીઓ સ્ત્રીઓનો પ્રસંગ રાખતા. ૨૪૧
૧૪.તાપીને તીરે એકાદશીના દિવસે સ્ત્રી-પુરુષોની અયોગ્ય ચેષ્ટા. ૨૫૦
૧૫.બાવા સિદ્ધનાથ - ધૂંધળીમલે ભિક્ષા ન મળવાથી વલ્લભીપુર નગરીને શાપ આપી પેટાળમાં સમાવી દીધી. ૨૮૪
૧૬.શીમર ગામમાં વણિકો પુષ્કળ ધનના લોભે નીલકંઠવર્ણીને જમાડ્યા. ૨૯૬
૧૭.મારો વીરો દીકરો અને ભેંસુ અવિચળ રહે. (વાચાર્થજ્ઞાન લખુચારણ) ૨૯૯
૧૮.રેવતાચલ (ગિરનાર) પર ગૌમુખી ગંગામાં નાહવા જતા નીલકંઠવર્ણીને બાવાઓએ મનાઈ કરી. ૩૦૩
૧૯.જૂનાગઢ ગોધાવાવ ધર્મદાસની જગ્યામાં આસૂરી બુદ્ધિના બાવાઓએ સાત જગ્યાએ બેઠેલા નીલકંઠવર્ણીને ઉઠાડ્યા પણ જમવા દીધા નહિ. ૩૦૪

## ૩. ધર્મધુરાના ધારક સહજાનંદ સ્વામી.

૧. આ.સં.૧૮૫૮ના કાર્તિક સુદ પ્રબોધિની એકાદશીએ ધર્મધૂરાની સોંપણી - સહજાનંદ સ્વામીએ માગેલા બે વરદાન. ૩૭૭થી૩૭૮
૨. આ.સં.૧૮૫૮ના માગશર વદ એકાદશીએ 'સ્વામિનારાયણ'નું ભજન શરૂ કરાવ્યું. ૩૮૭થી૩૯૦
૩. શીતલદાસને સમાધિ - દીક્ષા, વ્યાપકાનંદ સ્વામી. ૩૯૨થી૩૯૩
૪. સમાધિ દ્વારા ઐશ્વર્યદર્શન - નરકના કુંડો ખાલી કરાવ્યા. ૪૦૦, ૪૦૩, ૪૦૫, ૪૨૩
૬. મગનીરામનો ઘમંડ ઉતારી દીક્ષા આપી. ૪૨૪થી૪૩૦
૭. રામ, લક્ષ્મણ, જાનકીની મૂર્તિઓ નહિ પધરાવવાનું સ્વીકાર્યું. ૪૩૩-૪૩૪
૮. સાધુની ઝોળીમાં જગત. (ત્યાગીને ધનના ત્યાગનો ઉપદેશ) ૪૪૦
૯. મુક્તાનંદ સ્વામીએ આરતી બનાવી. ૪૪૫
૧૦.હરબાઈ વાલબાઈ જુદાં પડે છે. - આખા અને પીપલાણામાં બે સ્વરૂપે દર્શન. ૪૪૬થી૪૪૯
૧૧.દિનમણિ શર્માને દીક્ષા - નિત્યાનંદ સ્વામી. ૪૫૩
૧૨.મેઘપુરમાં બ્રાહ્મણોને ચોરાશી - સતત બે માસ બ્રહ્મ ભોજન. ૪૫૭-૪૫૮
૧૩.રઘુનાથદાસ વિમુખ કરે છે. ૨/૫૮

૧૪. ઊંડવતી નદીમાં શ્રીહરિની લીલા. ૨/૬૧

૧૫. લાલજી ભક્તને દીક્ષા - નિષ્કુળાનંદ સ્વામી - આજે સુદર્શનચક્ર ઘરોઘર આપ્યું છે. ૨/૭૨, ૨/૭૯

**પ્ર.૮ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે ઉપર મુદ્દાસર નોંધ લખો. (કુલ ગુણ : ૨૦)**

> ☞ **નોંધ : જે પ્રશ્નમાં વધારે પ્રસંગો આવતા હોય તેમાં વર્ણનાત્મક અને બે થી ત્રણ લીટીમાં પ્રસંગના ઉલ્લેખ સાથે પાંચ પ્રસંગો આપવા જરૂરી છે.**

**૧. ઘનશ્યામની વિદ્વત્-પ્રતિભા** ૧. અધ્યયનનો આરંભ-વિદ્યાગુરુ શ્રી હૃદયરામનો ઘનશ્યામ માટેનો અભિપ્રાય સત્ય.૪૪

૨. વિદ્યા વ્યાસંગી ઘનશ્યામ - શાસ્ત્રોના સારરૂપ ગુટકો બનાવ્યો - કાશીની વિદ્વત્સભામાં દિગ્વિજય ૭૭-૭૯

૩. અયોધ્યાના છાત્રો પર ઘનશ્યામની છાપ (૯૬) ગોપાળયોગીના યોગમાં : અષ્ટાંગ યોગ. ૧૭૧ થી ૧૭૪

**૨. સહજાનંદ સ્વામીએ આપેલો સ્વામિનારાયણ મહામંત્ર.**

૧. રામાનંદ સ્વામીના ધામગમનના ચૌદમાના દિવસે સભા - 'હવે પ્રગટ સ્વામિનારાયણનું ભજન કરજો.' ૧/૩૮૭

૨. એક સંત દ્વારા 'સ્વામિનારાયણનું ભજન શાથી ?' તે પ્રશ્નનો જવાબ નીલકંઠવર્ણી દ્વારા. ૧/૩૮૮

૩. સ્વામિનારાયણ શબ્દની વ્યુત્પત્તિની સમજૂતી. ૧/૩૮૮ થી ૩૯૦

**૩. નીલકંઠવર્ણીનું રામાનંદ સ્વામી સાથે પ્રથમ મિલન**

૧. કુરજી દવેને અક્ષરધામ બક્ષિસ. - યોગશક્તિથી દિવ્યગતિ - રામાનંદ સ્વામી અને નીલકંઠવર્ણીનું મિલન - આવી અવળી રીત કેમ ? ૧/૩૪૧ થી ૧/૩૪૭

**૪. નીલકંઠવર્ણી નેપાળમાં**

૧. પુલહાશ્રમની વાટે - મુક્તિનાથથી વિદાય - મોહનદાસને નીલકંઠવર્ણીનો યોગ - મહાદત્તના મહેલમાં - ગોપાળયોગીના યોગમાં - કાઠમંડુમાં - આદિવારાહ તીર્થમાં ૧૪૯ થી ૧૮૦

❑ ❑ ❑